ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વિધાનસભા કરતાં લોકસભા ચૂંટણીમાં ઓછું મતદાન થયું

## ૮.૭૧ ટકા જેટલું ઓછું મતદાન નોંધાયું : વિધાનસભા ચૂંટણીમાં ૩.૮૧ કરોડ મતદારો પૈકી ૨.૭૪ કરોડ મતદારોએ મતદાન કર્યું : ગણતરીનો દોર શરૂ થયો

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે બુધવારે યોજાયેલી ચૂંટણીમાં ૬૨.૩૩ ટકા જેટલું ઉંચું મતદાન થતાં ભાજપના નેતાઓમાં ઉત્સાહનો અતિરેક જોવા મળી રહ્યો છે. ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીથી આ વખતે ૧૫ ટકા જેટલું વધુ મતદાન થયું હોવાનો દાવો કરી ૨૬માંથી ભાજપને મહત્તમ બેઠકો મળશે તેવો જોરશોરથી દાવો કરવામાં આવી રહ્યો છે ત્યારે સિક્કાની બીજી તરફની કડવી વાસ્તવિકતા પણ આંખે ઉડીને વળગે તેવી છે. ડિસેમ્બર ૨૦૧૨માં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના કુલ ૩.૮૧ કરોડ મતદારો પૈકી ૨.૭૪ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું. જેની ટકાવારી ૭૨.૦૨ ટકા નોંધાય હતી. જ્યારે માત્ર સવા વર્ષના ગાળા બાદ ગુજરાતમાં ૪.૦૫ કરોડ મતદારો પૈકી ૨.૫૬ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું. જેની ટકાવારી ૬૩.૩૧ ટકા નોંધાઈ છે. આ રીતે જોવા જઈએ તો, નરેન્દ્ર મોદીની રેકોર્ડ બ્રેક મતદાનની અપીલ છતાં ૨૦૧૨ની સરખામણીમાં ૨૦૧૪માં ૮.૭૧ ટકા ઓછું મતદાન નોંધાયું છે. એટલું જ નહીં, પરંતુ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૩.૮૧ કરોડ મતદારો પૈકી ૨.૭૪ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું જ્યારે આ વખતે ૪.૦૫ કરોડ મતદારો પૈકી માત્ર ૨.૫૬ કરોડ મતદારોએ મતદાન કર્યું છે. જે સૂચવે છે કે, મીડિયામાં ચારે તરફ ભાજપની

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરનો પ્રાકૃતિક વૈભવ - ગ્રીષ્મ જામતી જાય છે... ગાંધીનગરના માર્ગો પર પીળાલચક ફૂલોથી નયનરમ્ય માહોલ સર્જાયો છે... મુખ્ય માર્ગોની બંને બાજુ પીળા ફુલો જાણે કે સૌનું સ્વાગત કરવા માટે નમ્રતા પૂર્વક ઉભા હોય... આ ઉપરાંત ગરમાળો અને ગુલમહોરના પીળા-લાલ ફુલો તો નગરની શોભા વધારે જ છે પરંતુ મુખ્ય માર્ગો પર પણ પ્રાકૃતિક વૈભવ લાગણીપૂર્વક સ્પર્શી જાય છે... (તસવીર : દિપક જાની)

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી નવા બિલ્ડીંગમાં શીફ્ટ થઈ

## બીજા માળે જ કચેરી હોવાથી મુલાકાતીઓને સાનુકૂળતા રહેશે

ગાંધીનગર, તા. ૧

શહેરના ઘ-માર્ગ પર સ્થિત જિલ્લાકક્ષાના નવનિર્મીત બિલ્ડીંગમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી શીફ્ટ કરી દેવાઈ છે. અત્યાધુનિક સાત મજલાના બિલ્ડીંગમાં ડી.ઈ.ઓ. ઓફીસ હવે બીજા માળે કાર્યરત કરવામાં આવી છે. જુના એમ.એસ. બિલ્ડીંગમાં આ ઓફીસ સાતમાં માળે હતી.

શહેરના ઘ-માર્ગ પર જિલ્લાકક્ષાની વિવિધ કચેરીઓને અનુલક્ષી કરોડોના ખર્ચે ૭ માળનું બિલ્ડીંગ બાંધવામાં આવ્યું છે. આ બિલ્ડીંગ તૈયાર થઈ ગયા બાદ ગત માર્ચ મહિનામાં જ મહેસુલ મંત્રીના હસ્તે લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. શહેરના મધ્ય વિસ્તારમાં મોટા ભાગની જિલ્લાકક્ષાની કચેરીઓ એક જ બિલ્ડીંગમાં કાર્યરત થાય અને કર્મચારીઓ તથા અરજદારો વચ્ચેનો સંપર્ક સેતુ વધુ મજબુત બને તેવા આશયથી આ બિલ્ડીંગનું નિર્માણ કરાયું છે. જ્યારે હવે તબક્કાવાર આ બિલ્ડીંગમાં વિવિધ કચેરીઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. જિલ્લા શિક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

## ક્યાં-કેટલુ મતદાન - સત્તાવાર વિગતો

| બેઠક | પુરુષ | મહિલા | કુલ | ટકા |
|---|---|---|---|---|
| કચ્છ | ૫૧૮૫૭૨ | ૪૨૩૪૫૪ | ૯૬૨૦૨૬ | ૬૧.૪૪ |
| બનાસકાંઠા | ૫૧૧૭૯૦ | ૩૭૧૫૨૪ | ૮૮૩૩૧૪ | ૫૮.૨૯ |
| પાટણ | ૫૨૫૮૯૩ | ૪૨૪૦૨૯ | ૯૪૯૯૨૨ | ૫૮.૩૬ |
| મહેસાણા | ૫૪૦૯૧૪ | ૪૫૬૪૧૪ | ૯૯૭૩૨૮ | ૬૬.૬૩ |
| સાબરકાંઠા | ૫૮૨૭૧૧ | ૫૦૨૧૯૭ | ૧૦૮૪૯૦૮ | ૬૭.૩૦ |
| ગાંધીનગર | ૬૧૬૯૭૫ | ૫૧૧૩૨૦ | ૧૧૨૮૨૯૫ | ૬૫.૧૦ |
| અમદાવાદ (પશ્ચિમ) | ૫૫૬૭૮૯ | ૪૨૨૯૮૦ | ૯૭૯૭૬૯ | ૬૧.૨૬ |
| અમદાવાદ(પૂર્વ) | ૫૩૧૭૦૦ | ૪૨૮૭૭૧ | ૯૬૦૪૭૧ | ૬૨.૬૪ |
| સુરેન્દ્રનગર | ૫૩૮૭૧૩ | ૩૯૯૬૭૮ | ૯૩૮૩૯૧ | ૫૬.૭૦ |
| રાજકોટ | ૫૯૦૮૧૬ | ૪૬૧૭૦૯ | ૧૦૫૨૫૨૫ | ૬૩.૫૯ |
| પોરબંદર | ૪૬૮૫૩૯ | ૩૩૫૬૫૪ | ૮૦૪૧૯૩ | ૫૨.૩૧ |
| જામનગર | ૪૮૪૦૯૮ | ૩૬૪૯૬૪ | ૮૪૯૦૬૨ | ૫૭.૮૦ |
| જૂનાગઢ | ૫૧૪૧૧૨ | ૪૨૩૫૫૫ | ૯૩૭૬૬૭ | ૬૩.૧૬ |
| અમરેલી | ૪૫૫૬૮૬ | ૩૪૯૮૩૭ | ૮૦૫૫૨૩ | ૫૪.૨૧ |
| ભાવનગર | ૫૧૬૯૧૨ | ૩૯૫૭૯૨ | ૯૧૨૭૦૪ | ૫૭.૨૭ |
| આણંદ | ૫૩૯૧૫૩ | ૪૨૮૧૦૧ | ૯૬૭૨૫૪ | ૬૪.૬૩ |
| ખેડા | ૫૪૦૨૮૩ | ૪૧૦૯૦૫ | ૯૫૧૧૮૮ | ૫૯.૫૦ |
| પંચમહાલ | ૫૧૨૩૬૦ | ૪૧૪૫૪૪ | ૯૨૬૯૦૪ | ૫૮.૮૪ |
| દાહોદ | ૪૬૬૦૮૬ | ૪૨૮૨૯૯ | ૮૯૪૩૮૫ | ૬૩.૩૮ |
| વડોદરા | ૬૨૧૮૨૪ | ૫૩૩૮૫૫ | ૧૧૫૫૬૭૯ | ૭૦.૫૭ |
| છોટાઉદેપુર | ૫૮૮૫૯૦ | ૫૦૪૧૩૮ | ૧૦૯૨૭૨૮ | ૭૧.૧૫ |
| ભરૂચ | ૫૬૨૫૩૬ | ૪૯૩૯૩૭ | ૧૦૫૬૪૭૩ | ૭૪.૫૪ |
| બારડોલી | ૬૩૬૨૩૫ | ૫૬૭૫૫૩ | ૧૨૦૩૭૮૮ | ૭૪.૫૯ |
| સુરત | ૫૩૮૩૦૦ | ૪૦૭૯૧૩ | ૯૪૬૨૧૩ | ૬૩.૭૬ |
| નવસારી | ૬૪૨૬૩૫ | ૫૦૬૩૬૭ | ૧૧૪૯૦૦૨ | ૬૫.૧૨ |
| વલસાડ | ૫૮૧૨૦૮ | ૫૩૮૯૬૭ | ૧૧૨૦૧૭૫ | ૭૪.૦૯ |
| કુલ | ૧૪૧૮૩૪૩૦ | ૧૧૫૦૬૪૫૭ | ૨૫૬૮૯૮૮૭ | ૬૩.૩૧ |

# બિલ્ડર રમેશ પટેલને વધુ ચાર દિવસના રીમાન્ડ

## શુકન સ્કાય ફલેટની સ્કીમ ગીરો મૂકી રૂ. ૩૨.૫૦ કરોડની લોન લઈ ચીટીંગ કરવાના પ્રકરણમાં તપાસ સઘન બનાવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના કુડાસણ ખાતે શુકન સ્કાય નામની ફલેટની સ્કીમ બનાવ્યા બાદ તેના બિલ્ડરોએ ગ્રાહકોને ફલેટો વેચી માર્યા પછી આખી સ્કીમની જગ્યા ગીરો મુકી તેના પર રૂ. ૩૨.૫૦ કરોડની લોન લઈ લેતા બિલ્ડરો સહીત ૧૦ જણા સામે એલ.સી.બી.માં છેતરપીંડી અંગે શુકન સ્કાયના ફલેટ ધારકની ફરીયાદને આધારે ગુનો નોંધાયો છે. એલ.સી.બી. પી.આઈ.એ મુખ્ય સુત્રધાર બિલ્ડર રમેશ રેવા પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. આજે રીમાન્ડ પુરા થયા પરંતુ હજુ તપાસ બાકી હોવાથી પોલીસે ૭ દિવસના ફર્ધર રીમાન્ડ માંગ્યા હતા. કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ખાતે શુકન ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલી શુકન સ્કાય રેસીડેન્સી સ્કીમમાં બનેલા મકાનો પૈકી ૪૩૦ જેટલા મકાનોના બુકિંગ બાદ ગ્રાહકોને પઝેશન પણ આપી દેવાયા અને બેંક ક્લીયરન્સથી માંડીને તમામ જરૂરી પુરાવાઓ સોંપી દેવાયા હતા. તે દરમ્યાન શુકન સ્કાય ગ્રુપના ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ તથા ભારત રમછોડભાઈ પટેલ દ્વારા આ સ્કીમ પર કોઈ પણ રીતે એસ.બી.આઈ. બેંક પાસેથી વર્ષ ૨૦૧૨ માં રૂ. ૩૨.૫૦ કરોડની લોન ઉપાડી લેવામાં આવી હોવાનું ધ્યાને આવતા તમામ ફલેટ ધારકો બિલ્ડર રમેશ પટેલ પાસે ગયા હતા. તમામને ધમકાવીને કાઢી મુકતા શુકન સ્કાયના ફલેટ માલિક રશ્મીકાંત રજનીકાંત

● અનુસંધાન પાન-૭ પર

## ભારે મતદાન પછી રાજકીય પંડીતો હાર-જીતના ગણિતો માંડવામાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે યોજોયલી ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ ભારે મતદાનના કારણે કોને ફાયદો થશે અને કોને કેટલી બેઠકો મળશે એના ગણિતો રાજકીય પક્ષો માંડવામાં લાગ્યા છે.

ગઈકાલે ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં રેકર્ડ બ્રેક ૬૩.૩૧ ટકા જેટલુ મતદાન નોંધાવા પામ્યું છે. જે ૧૯૬૭માં યોજાયેલી ચૂંટણીમાં નોંધાયેલા મતદાન પછીનું સૌથી સેકન્ડ હાઈએસ્ટ મતદાન છે.

ચૂંટણી પૂર્ણ થયા બાદ થયેલા ભારે મતદાનથી કયા પક્ષને ભારે મતદાનથી ફાયદો થશે કોને કેટલી બેઠકો મળશે તે અંગે ઉમેદવારો અને રાજકીય પક્ષોના પંડિતો ગણિત માંડવામાં વ્યસ્ત બની ગયા છે.

ગઈકાલે થયેલા રેકર્ડબ્રેક મતદાન બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો પોતાને ફાયદો થશે તેવા દાવા કરી રહ્યા છે. જો કે ખરેખર ભારે

● અનુસંધાન પાન-૭ પર



ગરમી પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવી રહી છે. અબોલ-મુંગા જીવો પણ ગરમીથી રાહત મેળવવા ઝાડ નીચે અથવા ઠંડી જગ્યાએ આશરો શોધી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજકેટની પરીક્ષા સંદર્ભે આજે બેઠક

## ૮ મે એ ગુજકેટની પરીક્ષા : શહેરના ૯ બિલ્ડીંગોમાં પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગત માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવી હતી. હાલ વેકેશનનો સમયગાળો ચાલી રહ્યો છે ત્યારે આગામી તારીખ ૮મે ના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. શહેરના વિવિધ ૯ બિલ્ડીંગોમાં આ પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રએ પણ ગુજકેટની પરીક્ષા લઈને પૂર્વતૈયારીઓ શરૂ કરી દીધી છે. આવતીકાલે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સંદર્ભે એક બેઠકનું પણ આયોજન કરાયું છે.

ગત માર્ચ મહિનામાં ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા સંપન્ન થઈ હતી. ત્યાર બાદ ધો. ૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા પણ પૂર્ણ થતા બોર્ડના પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક તમામ ધોરણોની પરીક્ષાના અંતે હાલ ઉનાળુ વેકેશનનો રંગ જામ્યો છે. આવા સંજોગોમાં મેડીકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને અનુલક્ષી આગામી તારીખ ૮ મે ના રોજ ગુજકેટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજકેટની પરીક્ષાને આડે હવે અઠવાડિયું જ બાકી રહ્યું હોવાથી જિલ્લા શિક્ષણ તંત્રએ પણ પરીક્ષાલક્ષી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગાંધીનગર શહેરના વિવિધ ૯ જેટલા બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ૨જી મે ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક દરમ્યાન જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ સહીત સમિતિના અન્ય અધિકારીઓ સાથે પરીક્ષાલક્ષી આયોજન સંદર્ભે પરામર્શ કરવામાં આવશે.

## આજે શુભ અને મંગળ ફળ આપનારી તિથી અખાત્રીજ

### રાજ્યમાં ૩૫,૦૦૦થી વધુ યુગલો લગ્ન કરશે : ધાર્મિક કાર્યો, માંગલિક કાર્યો, દાન-પુણ્યનો પણ ક્યારેય ક્ષય થતો નથી : કુંભદાનનું પણ આ પ્રસંગે ખાસ મહત્વ

અમદાવાદ, તા.૧

તિથીમાં માનનારા લોકોમાં સર્વોત્તમ તિથી એટલે અખાત્રીજ ત્યારે આવતીકાલે શુભ અને મંગલ ફળ આપનારી અખાત્રીજ છે. જેને અક્ષય તૃતીય તરીકે પણ ઓળખવામાં આવે છે. અક્ષયનો અર્થ થાય ચે કે જેનો કદી ક્ષય થતો નથી. તેમજ તૃતીય એટલે ત્રીજની તિથી, એક એવી તિથી કે જેનો કદી ક્ષય થતો નથી. તેથી જ તો આ દિવસે કરવામાં આવેલા ધાર્મિક કાર્યો, માંગલિક કાર્યો, દાન-પુણ્યનો પણ ક્યારેય ક્ષય થતો નથી. આ દિવસે કુંભદાનનું પણ ખાસ મહત્વ છે.

ગુજરાતીઓ સમયની સાથે ચાલનારા, તિથીમાં માનનારા અને કાર્યને સફળ બનાવનારા હોય છે. તિથીઓને મહત્વ આપી શુભ તિથી એ જોઈ કોઈ શુભ કાર્ય કરવામાં આવે તો અવશ્ય તેનું શુભ અને મંગલ ફળ આપને પ્રાપ્ત થાય છે. ત્યારે આવતીકાલે શુભ અને મંગળ ફળ આપનારી અખાત્રીજ છે. જેને અક્ષય તૃતીયા તરીકે પણ ઓળખવામાં આવે છે. જેને લગ્ન માટે વણજોયું મુહૂર્ત કહેવામાં આવે છે. એક અંદાજ અનુસાર ગુજરાતભરમાં આ દિવસે ૩૫,૦૦૦થી વધુ યુગલો આ દિવસે પ્રભુતામાં પગલાં માંડશે અને સુધી લગ્નજીવનની શુભ શરૂઆત કરશે. જેમાં સામુહીક લગ્નો પણ મોટી સંખ્યામાં થશે. સાથે જ આ દિવસે સોના-ચાંદી, વાહન, જમીન, મકાનની ખરીદી માટે પણ સર્વોત્તમ માનવામાં આવે છે. જેને કારણે મોટી સંખ્યામાં લોકો ખરીદી પણ મોટી સંખ્યામાં કરશે. સાથે જ ધાર્મિક રીતે આ દિવસે કુંભદાન પણ થશે. ઉલ્લેખનીય છે કે આ તિથીનું ખાસ મહત્વ હોય છે ત્યારે આ દિવસ માટે એડવાન્સ બુકીંગ છ મહિના અગાઉ જ થઈ ગયું છે. જો કે, છેલ્લી ઘડીએ લગ્ન માટે આવતા લોકો માટે ભૂદેવો મળવા પણ અઘરા ઝઈ જતાં હોય છે.

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

### શ્રદ્ધાંજલિ



**સ્વ. રાણા કંચનબા વિક્રમસિંહ (ધણપ)**

સ્વ. તા. ૨/૫/૨૦૧૩

આંખોમાં આંસુને દિલમાં તમારી યાદ છે.
આજે તમે નથી એ જ અમારી ફરિયાદ છે.
આપની યાદ સદાય સાથે રહેશે
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

રાણા અર્જુનસિંહ બળદેવસિંહ
રાણા ભેમાજી બળદેવસિંહ
રાણા વિક્રમસિંહ બળદેવસિંહ
કું. રાણા સોનલબા વિક્રમસિંહ
વાઘેલા ભરતસિંહ વિનુજી
વાઘેલા જીતેન્દ્રસિંહ સતુજી
વાઘેલા હેમેન્દ્રસિંહ રણજીતસિંહ
ચિરાગ તથા વિરાજ (ભાણેજ)

### જાહેર નોટીસ

વાદી વ.શ્રી એમ. પી. વોરા — આંક : ૭

**ગાંધીનગરના મે. સાતમા એડી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુ. ગાંધીનગર**

સ્પે દીવાની મુ. નં. ૧૫૦/૧૩
મુ. તા. ૭/૫/૧૪

**કમરુદીન નાથુમીયા શેખ, ઉ.વ. પુખ્ત,** — **વાદી:**
રહે. બાલાપીરની દરહાગ નજીક, અડાલજ, તા.જી. ગાંધીનગર

વિરુદ્ધ

**અલ્લારખ્ખા નવરંગમીયા, ઉ.વ. પુખ્ત** — **પ્રતિવાદી.**
રહે. પોર, તા.જી. ગાંધીનગર

**બાબત :** ગાંધીનગર જિલ્લાના મોજે સરગાસણની સીમમાં આવેલ સર્વે નં. ૨૩૬/બ, ૨૨૫, ૨૬૭/૪, ૨૯૪/૧ વાળી જુની શરતની જમી અંગે તા. ૧/૭/૦૬ના રોજ થયેલ બાનાખતના કરારનો અમલ કરાવવા અંગે.

આથી તમો પ્રતિવાદીને આ જાહેર સમન્સ યાને જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત વાદીએ અત્રેની કોર્ટમાં તમો પ્રતિવાદી વિરુદ્ધ મોજે ગાંધીનગર જિલ્લાના મોજે સરગાસણની સીમમાં આવેલ સર્વે નં. ૨૩૬/૫, ૨૨૫, ૨૬૭/૪, ૨૯૪/૧વાળી જુની શરતની જમીન અંગે તા. ૧/૭/૦૬ના રોજ થયેલ બાનાખતના કરારનો અમલ કરાવવા તથા કામચલાઉ મનાઈ હુકમ આપવા અંગેની અરજ કરેલ છે. તે બાબતે અત્રેની કોર્ટની તમો પ્રતિવાદીને સમન્સ તથા નોટિસમાં તમારા જણાવેલા સરનામે બેલીફ મારફતે મોકલતા તમો હાજર મળી આવતા નથી તેવા શેરા સાથે સદર દાવાના પ્રોસેસ પરત આવેલ છે. જેથી વાદી વ.શ્રીએ આંક-૬થી તમો પ્રતિવાદી વિરુદ્ધ જાહેર સમન્સ/નોટિસ પ્રસિદ્ધ કરવા માટે અરજી આપતા નામ. કોર્ટે સદર અરજી ગ્રાહ્ય રાખેલ છે.

જેથી તમો પ્રતિવાદીએ દાવા અરજી તથા કામચલાઉ અરજીની વિગતો મુજબ જવાબ દેવા સારુ તમો પ્રતિવાદીએ જાતે અગર તમારા માહિતગાર વકીલ મારફતે અત્રેની કોર્ટમાં તેનો જવાબ દેવા સારુ હવે પછીની મુદત તારીખ : ૭/૦૫/૨૦૧૪ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે અચૂક હાજર રહેવું.

જો તમે કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીની નોંધ લઈ નામ. કોર્ટ આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ તા. ૨૯ માહે એપ્રિલ, ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- |
| (આશિષ એચ. જોષી) | (જયશ્રી એમ. ચાવડા) | (કે.એ. કાઝી) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | ઈન્ચાર્જ રજીસ્ટ્રાર પ્રિન્સી. સીની. સીવીલ કોર્ટ, ગાંધીનગર |

કોર્ટનો સિક્કો

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**
સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન: ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**સભાસદો જોગ**

આથી મંડળીના દરેક સભાસદને જાણ કરવામાં આવે છે કે, મંડળી તરફથી રૂ.૨૦૦/-ની કિંમતનું નવું શેર સર્ટીફિકેટ આપવાનં શરૂ કરવામાં આવેલ હોઈ દરેક સભાસદે પોતાનું જુનું રૂ. ૧૦૦/-ની કિંમતનું શેર સર્ટીફિકેટ મંડળીમાં જમા કરાવી નવું શેર સર્ટીફિકેટ મંડળીની ઓફીસેથી મેળવી લેવા વિનંતી છે.

**મધુર દૂધ/છાશના વિતરણ માટે નવા કેન્દ્ર સંચાલકોની નિમણુંક કરવાની છે**

ગાંધીનગર શહેરના તમામ સેક્ટરોમાં મંડળી તરફથી આકર્ષક કમિશનથી મધુર દૂધ / છાશના વિતરણ માટે નવા કેન્દ્ર સંચાલકોની નિમણુંક કરવાની હોઈ દુકાન / પાર્લર તેમજ વ્યાપાર ધંધાને અનુરૂપ જગ્યા ધરાવતી વ્યક્તિઓએ મંડળીની ઓફીસે ઉપરોક્ત સરનામે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com